# ગુજરાતમાં સ્વાઈન ફલુથી વધુ ૭ના મોત

અમદાવાદ,તા. ૨૮

રાજયભરમાં જીવલેણ સાબિત થઈ રહેલા સ્વાઈન ફલુની પરિસ્થિતિ દિન પ્રતિદિન વધુને વધુ ભયાનક બની રહી છે. સ્વાઈન ફલુના કારણે આજે રાજ્યમાં વધુ ૭ લોકોના મોત થતા મૃત્યુ આંક ૩૩૮ થયા હતા અને વધુ ૧૮૭ કેસ સપાટી ઉપર આવ્યા હતા જે પૈકી એકલા અમદાવાદમાં ૭૮ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે આજે વધુ ૭ લોકોના મોત થયા હતા તે પૈકી એકલા અમદાવાદમાં ૪ લોકોના મોત થયા હતા. રાજ્યમાં સ્વાઈન ફલુના કારણે મોતનો આંકડો વધીને ૩૩૮ ઉપર પહોંચી ગયો છે જ્યારે રાજ્યભરમાં કુલ કેસોની સંખ્યા વધીને ૪૫૮૯ ઉપર પહોંચી ગઈ છે. ગઈકાલે શનિવારના દિવસે સ્વાઈન ફલુના લીધે વધુ સાતના મોત અને ૧૯૭ કેસ નોંધાયા હતા. નવા નવા કેસ દર્શાવે છે કે ગુજરાતમાં હાલત કફોડી બનેલી છે. સરકારી આંકડા દર્શાવે છે કે, છેલ્લા ૧૦ દિવસના ગાળામાં સ્વાઈન ફલુના કારણે ૯૬ના મોત થઈ ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આટલા ગાળામાં જ સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૨૦૭૫ થઈ ગઈ છે. તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફુલની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફલુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઈ છે. આ સિવાય અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, કચ્છ-ભુજ સહિતના વિસ્તારોમાં પણ સ્વાઈન ફલુના ભરડામાં સંખ્યાબંધ લોકો હોમાયા છે. અત્યારસુધીનો કુલ મૃત્યુઆંક ૩૩૮ સુધી પહોંચી ગયો છે. ખુદ સરકારી તંત્રના દાવા મુજબ, રાજયભરમાં સ્વાઈન ફુલને લઈ હાથ ધરાયેલા સર્વેક્ષણમાં અત્યારસુધીમાં શંકાસ્પદ જણાતાં હજારો વ્યકિતઓને પ્રોફાઈલેકટીક સારવાર હેઠળ આવરી લેવાયા છે. રાજયમાં હાલ સ્વાઈન ફલુના સેંકડો દર્દીઓ વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જે પૈકી ૨૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે. દરમ્યાન સરકાર અને મહાનગરપાલિકા સત્તાવાળાઓ દ્વારા રાજયની વિવિધ સરકારી હોસ્પિટલોમાં સ્વાઈન ફુલના રક્ષણ માટે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ થઈ રહ્યું છે. સરકારના આરોગ્ય તંત્ર અને ટીમો દ્વારા સર્વેક્ષણ થઈ રહ્યું છે.



**ધનસુરામાં સેવાકેન્દ્રનો પ્રારંભ**

અંબાજી મા જગદંબા માતાજીના દર્શનાર્થે જતા પદયાત્રીઓ અને ભક્તો માટે આજે ધનસુરા ચાર રસ્તા પાસે વિસામાને આરતી કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ગામના સરપંચ યશવંતભાઈ ડી. પટેલ, ડેપ્યુટી સરપંચ જીગ્નેશભાઈ એસ. પટેલ, ધનસુરા રામજી મંદિરના મહંત પુરણશરણદાસજી, ગામના યુવાનો અને ગામલોકોની ઉપસ્થિતિમાં આરતી કરીને વિસામાને ખુલ્લો મુકાયો હતો.

# કરોડો પૂરગ્રસ્તોમાં વાપર્યા હોત તો કાયાપલટ થઈ જાત

### ભાજપનો ચહેરો પ્રજા સમક્ષ ખુલ્લો પડ્યો છે : કોંગ્રેસના પ્રવકતા હિમાંશુ પટેલના ભાજપ સરકાર ઉપર તીવ્ર પ્રહાર

ભાજપે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા અને જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યોને તોડવા એક કરોડથી લઈ રૂ. ૨૫ કરોડ સુધીની રકમો ઉડાવી રહેલી ભાજપ સરકાર બનાસકાંઠા-પાટણના પૂરપીડિતો અને સ્વાઈન ફલુની બમારી તેમ જ વરસાદી અતિવૃષ્ટિ બાદ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ઠેર-ઠેર પડેલા ખાડાઓ-ભૂવાઓના સમારકામ પાછળ આટલા કરોડનો ખર્ચ કર્યો હોત તો આ વિસ્તારોની કાયાપલટ થઈ ગઈ હોત એમ અત્રે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા હિમાંશુ પટેલે જણાવ્યું હતું. તેમણે ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, ગુજરાત કોંગ્રેસના નવસર્જન ગુજરાતના અભિયાનથી ડઘાઈ ગયેલી ભાજપ સરકારે તંત્રનો બેફામ દૂરપયોગ કરી કોંગ્રેસને તોડવા ખુલ્લેઆમ ખરીદ-વેચાણ બજાર શરૂ કર્યું છે પરંતુ ભાજપે લોકોના પ્રાણપ્રશ્નો અને પૂરપીડિતોના પુનઃવસન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભાજપને કોંગ્રેસયુકત બનાવવા કરોડો રૂપિયા પાણીમાં નાંખી રહેલી રૂપાણી સરકારે આ અઢળક નાણાંનો સદુપયોગ બનાસકાંઠા અને પાટણના પૂરપીડિતો પાછળ કરવો જોઈએ. પૂરપીડિતોને હજુ સુધી નિયમોનુસાર કે જાહેર કરાયેલી સરકારી સહાય પૂરેપૂરી મળી નથી. પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા માટે રૂપાણી સરકાર વહીવટીતંત્રના દુરપયોગ અને સામ,દામ,દંડ અને ભેદની ગંદી રાજનીતિ રમી રહી છે પરંતુ આમ કરવામાં ભાજપનો ચહેરો પ્રજા સમક્ષ ખુલ્લો થઈ ગયો છે.

# ગાંધીનગરમાં ઠાકોર એકતા મંચનું ૩૦ સપ્ટેમ્બરે જનાદેશ મહાસંમેલન

### આ સરકારમાં સવેદના નથી, જનાદેશ મહાસમેલનમાં ૧૦ લાખ લોકો જોડાઈ ગુજરાતની રાજનીતિની દિશા નક્કી કરશે : અલ્પેશ ઠાકોર

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના એકતા મંચ ધ્વારા જનાદેશ મહાસંમેલનનું આગામી ૩૦ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ઉપસ્થિત રહેનાર દસ લાખ લોકો ગુજરાતની રાજનીતિની દિશા નક્કી કરશે.એમ જણાવતા અલ્પેશ ઠાકોરે ઉમેર્યુ છે કે, આ એકતા મંચ ક્યાં રાજકીય પક્ષ સાથે જોડાશે તેની જાહેરાત કરવામાં આવશે.



ગાંધીનગર નજીક ચીલોડામાં એસ.પી. રિસોર્ટ ખાતે યોજાયેલા ગાંધીનગર તાલુકા ક્ષત્રીય ઠાકોર સેનાના મહા સંમેલનને સંબોધતા ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના એકતા મંચના પ્રમુખ અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે, ગુજરાતની રાજનીતિ કઈ દિશામાં આગળ વધશે તેનો ફેસલો ઠાકોર સમાજના ગરીબ અને ઈમાનદાર લોકો કરશે.જેમાં આગામી ૩૦ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં યોજાનારા જનાદેશ મહાસમેલનમાં ૧૦ લાખ લોકો ક્યાં પક્ષમાં જોડાવવું તેનો નિર્ણય કરશે.આ માટે તેમણે સમગ્ર સમાજના લોકોનો સેના ધ્વારા સર્વે કરી ૧૨ સપ્ટેમ્બરની આસપાસ ગાંધીનગર ટાઉનહોલમાં બેઠક યોજવામાં આવશે.આ પ્રસંગે તેમણે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,આ સરકારમાં સવેદના નહિ હોવાથી વ્યસનમુક્તિ ,શિક્ષણ, રોજગાર વગેરે માંગવું પડે છે.

આ પ્રસંગે તેમણે ભાજપ અને કોંગ્રેસની રાજનીતિ ઉપર આકરાં પ્રહારો કરતા જણાવ્યું હતું કે,આ રાજકારણીઓએ અંગત સ્વાર્થ માટે આ સમાજનો વિકાસ થવા દીધો નથી.આ સેનાનું ૧૦૮ મત વિસ્તારોમાં કેડરબેજ સંગઠન હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે,અમે જેની સાથે બેસીશું તેની જ સરકાર રચાશે અને આ સમાજને સત્તા મળશે.આ પ્રસંગે સેનાના કાર્યકરોએ પાટણ અને બનાસકાંઠામાં પુરપિડીતોની કરેલી સેવાને બિરદાવતા તેમણે જણાવ્યું હતું કે, આજે પણ સરકારી સહાય મળી નથી તે કમનસીબી છે.શરૂઆતમાં એક્તામાંન્ચના ઉપપ્રમુખ રમેશજી ઠાકોરે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.જયારે તાલુકા પ્રમુખ ગોવિંદસિંહ ઠાકોરે સ્વાગત પ્રવચન કર્યુ હતું.એસ.પી.રિસોર્ટના માલિક અને ઠાકોર સમાજના અગ્રણી એસ.પી.ઠાકોર અને ડો.વિજયસિંહ ઠાકોરે અલ્પેશ ઠાકોરને સાફો પહેરાવી તથા તલવાર ભેટ આપીને સન્માન કર્યુ હતું.જયારે જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સરોજબેન ઠાકોરે બુકેથી સ્વાગત કર્યુ હતું.આ અગાઉ ભારે પવન સાથે પડેલા વરસાદ વચ્ચે ધોળાકુવા , ઈન્દ્રોડા અને ચિલોડા સર્કલથી ધજાધારી બાઈકસવાર યુવાનોના જયજયકાર સાથે અલ્પેશ ઠાકોર અને આગેવાનો એસ.પી.રિસોર્ટ ખાતે આવ્યા હતા.

# હાર્દિક પટેલ સહિત સાત જણાં સામે પાટણમાં ફરિયાદ કરાઈ

### હાર્દિક પટેલ-દિનેશની અટકાયત કરાઈ છે : નીતિન પટેલે હાર્દિકે ઉપર કોંગ્રેસનો એજન્ટ હોવાનો આરોપ લગાવ્યો

અમદાવાદ,તા. ૨૮

પાસના નેતાએ હાર્દિક પટેલ સહિત સાત જણાં વિરૂધ્ધ પાટણ ખાતે લૂંટ અને મારામારીની ફરિયાદ નોંધાઇ છે. અમદાવાદ, સુરત બાદ હવે હાર્દિક પટેલ વિરૂધ્ધ પાટણમાં ફરિયાદ નોંધાતા તેની વિરૂધ્ધ ફરિયાદનો સિલસિલો જારી રહ્યો છે. મહેસાણાના પાસના કન્વીનર નરેન્દ્ર પટેલે લૂંટ અને મારામારીની હાર્દિક પટેલ અને તેના સાથીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે, જેને પગલે ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ચકચાર મચી ગઈ છે. ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ હાર્દિક પટેલની આણંદ ખાતેથી અને દિનેશ બામણિયાની રાજકોટ ખાતેથી અટકાયત કરવામાં આવી છે.બંનેની ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરાઈ છે. બીજીબાજુ, ભાજપના સિનિયર નેતા અને રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા આજે હાર્દિક પટેલ પર આકરા પ્રહાર કરી તેની પર કોંગ્રેસનો એજન્ટ હોવાનો આરોપ લગાવ્યો હતો.

મહેસાણા જિલ્લાના પાસના કન્વીનર નરેન્દ્ર પટેલે ખુદ પાટીદાર આરક્ષણ આંદોલન સમિતિના સંયોજક હાર્દિક પટેલ અને તેના છ સાથીદારો સુનીલ ખોખરીયા, બ્રીજેશ પટેલ, ધવલ પટેલ, દિનેશ બાંભણીયા વિરૂધ્ધ લૂંટ અને મારામારીની ફરિયાદ પાટણના બી ડિવીઝન પોલીસમથકમાં નોંધાવી હતી. નરેન્દ્ર પટેલે આરોપ લગાવ્યો હતો કે, શનિવારે હાર્દિક પટેલ તથા તેના સાથીદારોએ તેને પાટણની એક હોટલમાં તેને બોલાવી તેની સાથે ગેરવર્તન કર્યું હતું અને તેને માર માર્યો હતો. આ બબાલ દરમ્યાન હાર્દિક અને તેના સાથીઓએ તેના ગળામાંથી સોનાની ચેઈનની લૂંટ ચલાવી હતી. દરમ્યાન પાટણ ખાતેના ટેબલેટ વિતરણ કાર્યક્રમમાં રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાર્દિક પટેલ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, હાર્દિક કોંગ્રેસનો એજન્ટ છે. તે કોંગ્રેસનો માણસ છે તે હવે ખુલ્લુ પડી ગયું છે. જો એવું જ હોય તો હાર્દિક કોંગ્રેસનો પ્રચાર કરી બતાવે. પાટીદાર સમાજ હવે હાર્દિકને ઓળખી ગયો છે અને તેથી સમાજ હવે તેની વાતોમાં નહી ભરમાય. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલાં હાર્દિક પટેલે એક જાહેર કાર્યક્રમમાં આહ્વાહન કર્યું હતું કે, નીતિન પટેલ પાટણના કાર્યક્રમમાં હાજરી આપવા આવે ત્યારે તેમનો એવો વિરોધ કરવામાં આવે કે, બીજીવાર તેઓ પાટણમાં આવવાનું ભૂલી જાય. જો કે, હાર્દિકની આ હાકલનો ફિયાસ્કો થઈ ગયો હતો.

# ગોતા ગામના રહિશો દ્વારા પડતર પ્રશ્નો માટે આવેદનપત્ર આપ્યુ

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા તાલુકાના ગોતા ગામના રહીશો દ્વારા ગામના સ્થાનીક પ્રશ્નોને લઈ સોમવારે આવેદનપત્ર આપ્યુ હતુ. ગોતા ગામ વર્ષો પહેલા ખેડબ્રહ્મા તાલુકામાંથી વડાલીમાં સમાવેશ કરવામાં આવેલ હતો. ત્યારબાદ વડાલી તાલુકામાંથી બે વર્ષ અગાઉ ખેડબ્રહ્મા તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ સરકારની વિવિધ કચેરીઓ હાલ પણ વડાલી તાલુકામાં લાગે છે. જેને કારણે પ્રજાને ભૌગોલીક રીતે પણ અગવડ પડે છે. અને ગોતા ગામ બે તાલુકા વચ્ચે રહેવાથી વિકાસથી પણ વંચિત રહી ગયુ છે. ગામ લોકો દ્વારા વારંવાર રજુઆત કરવા છતાં કામ થતા નથી. લોકો મોટી સંખ્યામાં પ્રાંત ઓફીસ આવી પ્રાંત અધિકારી વી.આર. સકસેનાને આવેદનપત્ર આપી માંગણી કરી હતી કે આર.એન્ડ.બી. કચેરી, પાણી પુરવઠા, યુજીવીસીએલની કચેરીઓ ખેડબ્રહ્મા તાલુકાની લાગે તેમજ પોલીસ સ્ટેશન ખેડબ્રહ્મામાં આવે તેવી માંગણી કરી હતી.

# રાજકોટ શહેર-જિલ્લાના ૫૩ વિદ્યાર્થીઓને ટેબ્લેટ

અમદાવાદ, તા. ૨૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કુલ ૫૩ છાત્રોને પ્રતિક રૂપ ટેબ્લેટ વિતરણ કર્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત છાત્રોને ઉત્સાહનો પાનો ચઢાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા માત્ર રૂપિયા એક હજારના ટોકન દરે ઉપલબ્ધ કરાવાયેલા ટેબ્લેટથી જ્ઞાન પ્રાપ્તિ કરવા અને વિશ્વ વિદ્યાર્થી બનવા ગુજરાતના યુવાનોએ આગળ આવવું જોઈએ. રાષ્ટ્રની વસતિમાં સૌથી વધુ યુવાનો છે. ત્યારે યુવાનો માટે અમલમાં મુકાયેલી આ ટેબ્લેટ યોજના રાજયના છાત્રો માટે આશીર્વાદરૂપ બની રહેશે, તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. છેલ્લા પંદર વર્ષના ગાળામાં રાજ્ય સરકારે સ્થાપેલી વધારાની ૪૬ યુનિવર્સિટી તથા સંખ્યાબંધ કોલેજો આજના જ્ઞાનના સમયમાં એકદમ સમયોચિત ગણાવતા મુખ્યમંત્રીએ રાજય સરકાર દ્વારા સ્થપાયેલી રક્ષા,સંસ્કૃત, બાલ, યોગ, પેટ્રોલીયમ, મરિન, ઓર્ગેનિક વગેરે ક્ષેત્રોની યુનિવર્સિટીઓને રાજય સરકારની આગવી સુઝના પ્રતિક ગણાવ્યા હતા. મુખ્યમંત્રીએ રાજયના યુવાનોને હાકલ કરી હતી કે, તેઓ રોજગારી સર્જક બને જેથી દેશના વિકાસમાં ગુજરાતનું સ્થાન અવ્વલ દરજ્જાનું બને. મુખ્યમંત્રીએ આ પ્રસંગે સગૌરવ ઉમેર્યું હતું કે, દેશની રોજગારી પૈકી કુલ રોજગારીના ૮૪ ટકા રોજગારીનું નિર્માણ માત્ર ગુજરાત રાજય કરે છે. જે ગુજરાતની અગત્યની સિદ્ધિ છે.



મુખ્યમંત્રીએ આ પ્રસંગે અગત્યની જાહેરાત કરી હતી કે, રૂપિયા સાત હજારની મૂળ કિંમતના લીનોવો કંપનીના ટેબ્લેટની કોલેજના પ્રથમ વર્ષના છાત્રો પાસેથી સરકાર માત્ર રૂપિયા એક હજારની કિંમત ટોકન રૂપે વસુલે છે, જેની કુલ આવક રૂપિયા ત્રીસ કરોડની સરકારને થશે, જેમાંથી રાજયભરની તમામ કોલેજોને તથા યુનિવર્સિટીઓને ફ્રી વાઈફાઈ સિસ્ટમ ફાળવવામાં આવશે. ઉપસ્થિત વિદ્યાર્થીઓએ આ વાતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

## રામ રહીમને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૧૧ અને ૫૦૬ હેઠળ દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ ૧૦-૧૦ વર્ષની સજા કરવામાં આવી છે. સજા કરવામાં આવ્યા બાદ ખાસ સીબીઆઈ કોર્ટના ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર ફેંકવાનો નિર્ણય ડેરા દ્વારા કરવામાં આવ્યો છે. અગાઉ જજ પોતે વિમાન મારફતે રોહતક પહોંચ્યા હતા. રોહતકની સુનારિયા જેલમાં કામચલાઉ કોર્ટ ઉભી કરવામાં આવી હતી. બન્ને પક્ષો દ્વારા તેમા તર્કદાર દલીલો કરવામાં આવી હતી. બચાવ પક્ષે દલીલ કરી હતી કે રામ રહિમ એક સામાજિક કાર્યકર છે. લોકોના કલ્યાણ માટે કામ કરી રહ્યા છે. આ બાબતને પણ જજે સજા કરતી વેળા ધ્યાનમાં લેવી જોઈએ.વકીલોએ દલીલ કરી હતી કે બાબા બ્લડ ડોનેશન કેમ્પ અને સફાઈ અભિયાન ચલાવી રહ્યા છે. બાબાના વકીલોએ માફીની માંગ પણ કરી હતી જે ફગાવી દેવામાં આવી હતી. જો કે, બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી દલીલોની કોઈ અસર જજ જગદીપસિંહ પર થઈ ન હતી. જગદીપસિંહ પોતાની સાથે ચુકાદો લખીને લાવ્યા હતા. બે વાગ્યાની આસપાસ જજે ચુકાદો સંભાળવવાની શરૂઆત કરી દીધી હતી. આશરે કલાક સુધી દલીલબાજીનો દોર ચાલ્યો હતો. બચાવ પક્ષના વકીલો દ્વારા રામ રહીમની જેલને પણ બદલવાની અપીલ કરી હતી. બચાવ પક્ષ દ્વારા એમ પણ કહેવામાં આવ્યું હતું કે, તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ રોહતકમાં સોનારિયા જેલની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. જજે ચુકાદો આપ્યા બાદ જ્યાં સુધી જજ પરત રવાના ન થાય ત્યાં સુધી વાહનોની અવરજવર રોકી દેવામાં આવી હતી. કોઈપણ વાહનોને મંજુરી આપવામાં આવી ન હતી. બીજી બાજુ કોર્ટની બહાર અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રોહતક સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવ્યું હતું. બપોરે ૨-૩૦ વાગે અપાયેલા ચુકાદા પહેલા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

## વિવાદનો અંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતના વિદેશ મંત્રાલય દ્વારા આજે અપાયેલી જાણકારી મુજબ બંને દેશ પોતાની સેનાઓ વિવાદાસ્પદ ડોકા લા વિસ્તારમાંથી પાછળ હટાવી રહ્યાં છે. મંત્રાલયે જણાવ્યું કે આ મુદ્દે ચીન સાથે છેલ્લા કેટલાક અઠવાડિયાથી વાતચીતમાં ભારત પોતાની ચિંતાઓ અને હિતોથી ચીનને વાકેફ કરાવવામાં સફળ રહ્યું, ત્યારબાદ બંને દેશો ડોકા લા વિસ્તારમાંથી પોતાની સેના હટાવવા સહમત થયા છે. ડોકા લામાંથી બંને દેશો ઝડપથી સેનાઓ પાછળ હટાવી રહ્યાં છે.

ભારત આ મુદ્દે શરૂઆતથી જ વાતચીત કે મંત્રણાથી ઉકેલ લાવવાના પક્ષમાં હતું. જ્યારે ચીને અવારનવાર ધમકીઓ આપ્યાં કરી. વિદેશ મંત્રાલય તરફથી આપવામાં આવેલી જાણકારી મુજબ બંને દેશો પોત પોતાની સેના ડોકા લા વિસ્તારમાંથી હટાવવા માટે તૈયાર થઈ ગયા છે. મંત્રાલય તરફથી જણાવવામાં આવ્યું છે કે આ મુદ્દે છેલ્લા કેટલાક દિવસથી વાતચીત થઈ રહી હતી અને ભારતે ચીનને પોતાની ચિંતાઓથી વાકેફ કરાવ્યું હતું. ત્યારબાદ સેનાઓ હટાવવાનો ફેસલો લેવાયો છે.

ભારત સતત પોતાના સ્ટેન્ડ પર મક્કમ રહ્યું હતું કે પહેલા બંને દેશોની સેનાઓ પાછળ હટે ત્યારબાદ આ મુદ્દે વાતચીત થઈ શકે છે. પરંતુ ચીન એ વાત પર અડી ગયું હતું કે ભારતે પહેલા પોતાની સેના પાછળ હટાવવી જોઈએ. ચીનનું કહેવું હતું કે મંત્રણા માટેની પાયાની શરત જ એ હતી કે ભારત સેના હટાવે. પરંતુ ભારતે પોતાનું સ્ટેન્ડ યથાવત રાખતા ચીને આખરે નમવું પડ્યું. આ દરમિયાન ચીની મીડિયા અને ચીની સેના દ્વારા સતત ભારતને યુદ્ધની ધમકીઓ પણ મળી.

ચીની મીડિયાએ ડોકા લા વિવાદ પર આક્રમક વલણ અપનાવેલું હતું. લેખો અને સંપાદકીય લેખો દ્વારા ભારત વિરુદ્ધ માહોલ બનાવવાની કોશિશ થઈ રહી હતી. પરંતુ ભારતે જરાય સંયમ ન ગુમાવતા પોતાની તૈયારીઓ પર ધ્યાન આપ્યું અને વાતચીત કરવાની કોશિશો જારી રાખી. ચીન તરફથી તો એટલે સુધી કહેવાયું કે ભારતે ૧૯૬૨ના યુદ્ધનો અંજામ યાદ રાખવો જોઈએ. જવાબમાં રક્ષા મંત્રી અરુણ જેટલીએ પણ કહી દીધુ હતું કે આજનું ભારત એ ૧૯૬૨નું ભારત નથી.

અત્રે જણાવવાનું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સપ્તાહે બ્રિક્સ સમિટમાં સામેલ થવા માટે ચીન જવાના છે. તેમના આ પ્રવાસ પહેલા ડોકા લા વિવાદનો અંત એ ભારતની મોટી કૂટનીતિક જીત ગણાઈ રહી છે. આ મામલે જાણકારોનું પણ માનવું હતું કે પોતાને ગ્લોબલ પાવર બનાવવાની ઈચ્છા રાખનારું ચીન ક્યારેય ઈચ્છશે નહીં કે તેની મેજબાનીમાં થનારી બ્રિક્સ સમિટમાં ડોકા લા વિવાદનો છાયો પડે. કારણ કે તેનાથી ચીનની આંતરરાષ્ટ્રીય છબી પર ખરાબ અસર પડત.

## વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગયા હતા. જયારે વરસાદ હજુ પણ વરસવાના મુડમાં છે. જેના લીધે આગામી ચાર પાંચ દિવસ રાજયમાં અનેક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ગાંધીનગર જિલ્લામાં પણ અત્યાર સુધીનો પુરતો વરસાદ થઈ ગયો છે. દરવર્ષે નોંધાતા સામાન્ય વરસાદની સાપેક્ષમાં પણ વધુ વરસાદ થતા હવે વરસાદના મામલે ખેડુતોમાં પણ કોઈ ચિંતા નથી. ત્યારે મેઘરાજા હવે ખમૈયા કરે તેવી લાગણી પણ પ્રબળ બની છે. આજે પણ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા વચ્ચે વરસાદી વાદળો ગોરંભાયા હતા. બપોરના સમયે અચાનક જ વરસાદી ઝાપટુ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સતત ભેજવાળા વાતાવરણ વચ્ચે સ્વાઈન ફલુનો રોગચાળો પણ બેકાબુ બની રહયો છે. ત્યારે વરસાદી પાણીના ભરાવાના લીધે મચ્છરોનુ ઉત્તપત્તિ સ્થાનો વધતા રોગચાળો જોર પકડે તેવી દહેશત છે. સતત ભેજવાળા અને વરસાદી માહોલના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. એકબાજુ સ્વાઈન ફલુના રોગચાળાએ ભરડો લીધો છે. ત્યારે વરસાદી માહોલમાં ભેજવાળા વાતાવરણના લીધે રોગચાળાને બળ મળી રહયુ છે. આજે બપોરથી સાંજ સુધી ધીમી ધારે વરસતા વરસાદના લીધે સેકટરોમાં પાણીની ખાબોચિયા ભરાયા હતા. વરસાદી માહોલથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. હજુ પણ આગામી ચાર દિવસ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે.

## નવા સેક્ટરોમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રજા આપી દેવામાં આવી છે. જયારે હાલ ૩૧ દર્દીઓ ઈનડોર છે. જે પૈકી ૨ વેન્ટીલેટર પર અને ૨ બાઈપેપ હેઠળ સારવાર લઈ રહયા છે. સ્વાઈન ફલુના ૧૪ દર્દીઓનુ મોત નિપજયુ છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૩ , દહેગામના ૫, માણસાના ૩, તેમજ કલોલના ૩ દર્દીઓના મોત નિપજયા છે. ગાંધીનગર શહેરમાંથી વધુ ચાર સ્વાઈન ફલુના દર્દીઓ મળી આવ્યા છે. સે-૫ બીમાં ૭૧ વર્ષીય બુઝુર્ગ, સે-૪ એમાં ૪૨ વર્ષીય યુવાન અને સે-૪ બીમાં થી ૬૩ વર્ષીય વ્યકિતને સ્વાઈન ફલુ પોઝિટીવ આવ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત સે-૫ બીના એક ૧૪ વર્ષીય કીશોરને પણ સ્વાઈન ફલુ થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ દર્દીઓ ખાનગી તેમજ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહયા હોવાનુ પણ જાણવા મળ્યુ છે.

## ગૌરવ એવોર્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત ગૌરવ સન્માન એવોર્ડ મેળવનાર શંકરસિંહ રાણાને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહીત સંખ્યાબંધ નાગરિકોએ અભિનંદનની વર્ષા કરી હતી.

ડૉ. શંકરસિંહ રાણાએ આ એવોર્ડ ગાંધીનગર જિલ્લાના પશુપાલકો તેમજ ડેરીના કર્મચારીઓ તેમજ ગુજરાતની જનતાનું સન્માન ગણાવી વિશ્વ ગુજરાતી પરીષદનો આભાર માન્યો હતો. મધુર ડેરીના મેનેજીંગ ડાયરેક્ટર રોહિત મહેતાએ ફોન ઉપર અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજ તેમજ ગુજરાતના રાજપુતો અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારવા બદલ જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ વિગેરેએ ખાસ ફોન દ્વારા ન્યુજર્સી ખાતે અભિનંદન આપ્યા હતા અને શંકરસિંહ રાણાનો ગુજરાતમાં ખાસ સન્માન સમારંભ યોજવાની જાહેરાત કરી હતી. રાજપુત સમાજ પ્રચાર પ્રસાદ અને વંદે ગુજરાતના વરિષ્ટ પત્રકાર વિનોદ રાઠોડે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## પીઆઈએલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં ભાદરવી પૂનમના દર્શન માટે ગુજરાત અને દેશ-વિદેશમાંથી થઈ લાખો શ્રધ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે આવે છે, હજારો લોકો અઁબાજી માતાના દર્શન માટે દૂર-દૂરના અંતરે-ગામો, શહેરોથી ચાલતા-પગપાળા આવતા હોય છે. તેઓના માટે રસ્તામાં અમુક અમુક અંતરે વિશ્રામસ્થાન અને ચા-પાણી, છાશ, શરબતના કેન્દ્રો પણ ઉભા કરાતા હોય છે. પદયાત્રીઓ સેંકડો કિલોમીટરથી પગપાળા ચાલીને અંબાજી દર્શન માટે આવતા હોય છે ત્યારે અંબાજી તરફના હિંમતનગરથી અને દાંતા તરફથી જોડાતા રૂટ પરથી જયાં અંબાજીમાં પ્રવેશ કરો કે મંદિર સુધીના રૂટ પરની ફુટપાથો પર સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા દુકાનોની મંજૂરી આપી દેવાતાં પદયાત્રીઓને હવે રસ્તા પર ચાલીને યાત્રા કરવી પડે છે અને તેના કારણે ગંભીર અકસ્માત કે તેમના જાનને જોખમની દહેશત વધી ગઈ છે. અરજદારપક્ષની આ દહેશત અને રજૂઆતને પગલે સરકારપક્ષ તરફથી એવું નિવેદન કરવામાં આવ્યું હતું કે, ભાદરવી પૂનમના મેળા પહેલા એક અઠવાડિયા સુધી અંબાજીમાં પ્રવેશથી લઈ મંદિર સુધીના સમગ્ર રૂટ પર વાહનો અને પાર્કિંગ માટે પ્રતિબંધિત ફરમાવી દેવાશે. તા.૩૧ ઓગસ્ટથી તા.૬ઠ્ઠી સપ્ટેમ્બર સુધી આ પ્રતિબંધ રહેશે. શ્રધ્ધાળુ દર્શનાર્થીઓની સુરક્ષા અને સલામતીનું પૂરતું ધ્યાન રાખવામાં આવશે. સરકારનું સ્ટેટમેન્ટ રેકર્ડ પર લઈ હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી બુધવારે મુકરર કરી હતી.